દેવલાલી જરથોશ્તી
બોર્ડિંગ સ્કૂલ.

નીતિશિક્ષણ.

પાઠોની નોંધો.

બીજી આવૃત્તિ.

સન ૧૯૧૨.

કોલભાટ લેન ન. ૨૩ મા આવેલા "નિર્ણયસાગર"
છાપખાનામાં બાળકૃષ્ણ રામચંદ્ર ઘાણેકરે
પ્રસિદ્ધ કરનારને માટે છાપ્યું.

Printed by B. R. Ghanekar, at the N. S. Press
No. 23, Kolbhat Lane, Bombay and
Published by Edalji Dorabji Talati,
Zoroastrian Boarding School.
DEVLALI.

निति शिक्षण

47

સાંકળીયું.

પાઠ ૧ લો.

સારી રીતભાત.

ભાગ ૧ લો.

૧. આ સ્કુલ ઉઘાડવાની મતલબ—પારસી છોક-
રાઓની કેરેક્ટર ફૉર્મ કરવાની

૨. ચાલચલણ.

માબાપ સાથે—હેત પ્રીતથી

વડા સાથે—માનથી.

બીજા સાથે—સભ્યતાથી.

વડાં આગળ હમેશ ઉભા રહેજો. બેઠેલા હોવો ને કોઈ વડુ આવે તો ઉઠીને સલામ કરજો.

અકડીને, એટલે કમરે હાથ ટેકી અથવા ગજવામાં હાથ મૂકી ઉભા રહેતા ના

સાથે ચાલતાં બેજાગુથી જવાતુ ન હોય તો આપણે ઉભા રહી વડાંને પહેલે જવા દેવુ.

આપવું અથવા લેવું—તે બે હાથે.

લેતી વખતે ઇંગ્રેજીમા "થેંક્યું," અને ગુજરાતીમાં "મહેરબાની થઈ" એમ કહેવું.

ઇંગ્રેજી હેટ પેહેરેલી હોય તો તે ઉંચકીને સલામ કરજો

સેકીન કરવા વડું માણુસ હાથ લાંબો કરે તોજ સેકીન કરજો.

પાઠ ૨ જો.

સારી રીતભાત.

ભાગ ૨ જો.

હા બાવાજી, હા માયજી. એમ બોલજો.

વડાં સાથે વાત કરતાં–'જી' હમેશાં વાપરજો. બાવા વિષે બોલતાં "મારા મુરબ્બી બાવાજી" એમ બોલજો. અને માએ વિષે બોલતાં "મારાં વહાલાં માયજી" એમ બોલજો.

પોતાથી નાનાને હેરાન કરતા ના.

તેમજ બરોબરીઆ સાથે હીચકારાપણાંથી વ-ર્તતા ના.

રસ્તે જતાની મશ્કરી કરશો નહી.

તમારાથી વડાની મશ્કરી કરશો નહી.

વડાને ખોટા પાડતા ના.

પોતા માટે 'આપણે' અથવા 'અમે' એમ બોલતા ના

તમે ગૃહસ્થોના દીકરાઓ છો, અને પોતે ગૃહસ્થો છો, એમ કદી ભૂલી જતા ના.

પાઠ ૩ જો.

વફાદારી.

રાજાની વર્ષગાંઠને દિવસે.

૧. વફાદારી એટલે શું?

૨. બ્રીટીશ અમલ પહેલાંની હિંદુસ્તાનની સ્થિતિ.

(ક) લડાઈ,

(ખ) લૂટ.

(ગ) તપાસ વિના કેદખાનું યા શિક્ષા.

(ઘ) ઈન્સાફ વેચાતો હતો.

(ચ) કેળવણી નહી.

૩. હિંદુસ્તાનની હાલની સ્થિતિ.

(ક) સુલેહ શાતી.

(ખ) માલમતાની સલામતી

(ગ) જાતનુ છુટાપણુ

(ઘ) બોલવાનુ છુટાપણુ

(ચ) અદલ ઈન્સાફ.

(છ) કેળવણીનો ફેલાવો.

૪. પારસીઓ બ્રીટીશ અમલ નીચે સુખી છે.

૫. આપણો ધર્મ ભાર મૂકીને કહે છે કે વફાદાર રહેવું.

(ક) દુઆ તંદુરસ્તી.

(ખ) આફ્રિનામીનો કરદો.

૬. બ્રીટીશ અમલને હમેશ આપણે ટેકો આપવો જોઈએ.

૭. જે હીલચાલની નેમ સરકાર સામેની હોય તે હીલચાલમાં નામેલ થતા ના

૮. " ગોડ સેવ ધી કીંગ " ગાનુ

૯. રાજાને માટે ત્રણ હુરરેના પોકાર.

પાઠ ૪ થો.

શરીરની સ્વચ્છતા.

૧. એ ગુણ ખુદાઈ રાહથીજ ઉતરતો છે.

૨. આપણો ધર્મ એ ગુણ ભાર દઈને શીખવે છે.

૩. રોજ તમારાં—

૧ કપડાં.
૨ બાલ.
૩ મોહ.
૪ નખ.
૫ દાંત.

અને (૬) બુટ.
તપાસીશુ.

૪. આવળનાં દાતણુ વાપરજો

૫. તમારા નખ કરડતાના

પાઠ ૫ મો.

તાબેદારી.

૧. તાબેદારી વગર દુનિયા ચાલે નહીં.

૨. તાબેદારી દીલભરી હોવી જોઇએ.

૩. તાબેદારી તકરાર વગરની હોવી જોઇએ.

૪. કોઇ દેખરેખ કરનાર ન હોય ત્યારે પણ હુકમ અમલમાં મૂકવો.

પાઠ ૬ ઠો.

સાચવટ.

૧. સર્વેથી અગત્યનો સદ્ગુણ. કારણ એથી બધા ગુનાહ અટકે છે.

૨. સર્વ સાચુ—સાચા વગર બીજું કાંઈજ નહીં.

૩. આપણા વડવાઓ ત્રણ ચીજ શીખવતા હતા. તેમાં એ મુખ્ય.

૪. જુઠ્ઠુ બોલવુ એ બીચકારાપણાંની નિશાની છે. સાચુ બોલવુ એ એક બહાદુરીની નિશાની છે. જ્યોર્જ વૉશીંગ્ટનની વાત

પાઠ ૭ મો.

ખાનદાની ઘરની કેળવણી.

૧. એ કેળવણીના મળતત્વો.

(ક) સારી રીતભાત

(ખ) સારી ભાષા આવોજી, બેસોજી, જલ પ્રસાદ લેશોજી

પોપટનાં બે બચ્ચાની વાત.

(ગ) ખરાબ ભાષાથી માબાપોને બદનામી. માટે કોઈ દિવસ અપશબ્દ બોલવા નહી.

— —

પાઠ ૮ મો.

ટર્મની આખરીએ—છુટા પડતી વખતે સલાહના બે બોલ.

૧. સાલ મુબારક

(ક) તંદુરસ્તી.

(ખ) વિદ્યાભ્યાસમાં ફત્તેહ.

૨. જે શિક્ષણ તમને અહિં મળ્યું છે તે પ્રમાણે વર્તજો.

૩. "જુની દુનિયા" કે જેમાંથી તમે આવ્યા હતા અને "નવી દુનિયા" કે જેમાંથી તમે જઓછો તે બન્ને સરખાવી જોજો.

૪. ત્યાંના તમારા અનુભવનો એક પત્ર મારાઉપર લખજો.

પાઠ ૯ મો.

ઉડાઉપણું.

૧. કમાણી કરતા વધારે ખરચવું નહીં.

૨. તેનું પરિણામ—ગરીબાઈ.

બીરબલ, "લાખ વધતા કે વીસ"?—ગુજરાતી
પાંચમી ચોપડીનું પાનું ૩૭ મું

૩. પારસીઓની હાલની હાલત એને લીધે છે.

૪. બાપની સકમાઈના પૈસા ઉડાઉપણે ખરચતા ના.

પાઠ ૧૦ મો.

તમારી સ્કૂલતરફ પ્યાર.

૧. કોઈપણ એવું કામ કરતા ના કે તેથી સ્કૂલને બદનામી મળે.

૨. તમારાં કામોમાટે તમારી સ્કૂલ જોખમદાર છે, એ ધ્યાનમાં રાખજો.

૩ બીજાને પણ સ્કૂલને બદનામી મળે તેવું કામ કરવા દેતા ના.

૪, તમારી સ્કૂલને હંમેશાં યાદ કરતા રહેજો, ને તેને બનતી મદદ કરજો.

૫. તમારી સ્કૂલમાં તમારી કાંઇ યાદગીરી મૂકી જજો.

પાઠ ૧૧ મો.

સારી રીતભાતનો નકશો.

(વેલાતની એક મંડળી તરફથી પ્રગટ થએલો)

ભાગ ૧ લો.

૧. ઘરમાં માબાપને મદદ કરજો. ને અને તેમ તેમને રાજી રાખજો.

૨. સ્કૂલમાં—(ક) શિક્ષકો તરફ માનથી વર્તજો.

(ખ) તેમને બનતી મદદ કરજો. કારણ કે તેમનું કામ મુશ્કેલ છે.

(ગ) સ્કૂલના કાયદા પ્રમાણે ચાલજો.

(ઘ) કદી "કોપી" કરતા ના. કારણ એ ઠગાઈ છે.

(ચ) ડેસ્ક ઉપર કાંઈ કોતરતા ના. અથવા દીવાલ ઉપર કાંઈ લખતા ના.

(છ) તમારે બદલે બીજા કોઈને શિક્ષા થવા દેતા ના. એ કામ હીચકારૂં અને નીચ છે.

પાઠ ૧૨ મો.

સારી રીતભાતનો નકશો.

ભાગ ૨ જો.

૧. રમતી વેળા—

(ક) રમતમાં ચોરી કરશો નહી.

(ખ) નાનાને હેરાન કરતા ના. એ હીચકારા-પણાની નિશાની છે.

(ગ) તમારા ગોઠીઆઓની મશ્કરી કરતા ના. અથવા તેને ચીડવતા ના

૨. રસ્તાપર—શિક્ષકોને અને વડાંઓને જ્યાં મળો ત્યાં સલામ કરજો.

૩. ટેબલપર—

(ક) હાથ માં ધોઈને જમવા આવજો.

(ખ) જમતી વખતે છરી મોમાં મૂકતા ના.

(ગ) બીજાઓને પીરસજો. પોતાને પીરસીને બેસી રહેતા ના.

(ઘ) એદીની માફક ખાતા ના.

(ચ) મોમાં ખોરાક હોય ત્યારે બોલતા ના. ને કાંઈ પીતા ના

પાઠ ૧૩ મો.

બગાડો કરતા ના.

૧. ઈંગ્રેજી કહેવત. બગાડો કરશો નહી તો તંગીમાં આવશો નહી.

૨. આપણો ધર્મ બગાડો કરવો નહી, એમ શીખવે છે. જેમકે ખાનના સબંધમાં કાંઈપણ નવી વસ્તુ વાપરવી નહી.

૩. જમવાનાં ખાણાંનો બગાડો કરતા ના. જેટલી ભૂખ હોય તેટલુંજ ખાણું લેજો.

૪. લગનમાં બધી વાની લેતા ના. પસંદ પડે તેજ વાની લેજો અને તેપણ ખવાય તેટલીજ લેજો.

પાઠ ૧૪ મો.

પોતાના ઉપર આધાર રાખવાની ટેવ.

૧. "પારકી આશ સદા નિરાશ" ગુજરાતી છઠ્ઠી ચોપડી પાઠ ૩૫ પૃષ્ઠ ૮૩.

૨. 'હું શું કરૂં ' ક્યાં જાઉં ?" એમ કદી કહેશો નહીં

૩. એક પારસીએ ચીન જઈ પોતાને લાયકનો ધંધો ઉપજાવી કાઢ્યો તેનો દાખલો.

૪. "હીમતે મરદા મદદે ખુદા."

પાઠ ૧૫ મો.

માયાળુપણું.

૧. માબાપઉપર પ્યાર રાખજો.

૨. ઘરમાં, સ્કૂલમાં, અને રસ્તે એક બીજાઉપર માયા રાખજો.

૩. જાનવરો જેવાં કે કુતરા, બિલાડા-તેમના ઉ-
પર માયાળુ રહેજો.

૪. પતંગીઆંને પકડીને મારતા ના

પાઠ ૧૬ મો.

પ્રામાણિકપણું.

૧. નોકર તરીકે

૨. ધંધાદારી તરીકે.

૩. રમવામાં-ચોરી કરશો નહી.

૪. આગલા પારસીઓ પ્રમાણિકપણાંમાટે જાણીતા
હતા

૫. તે શ્રેષ્ઠાઈ જતી રહી છે.
તે તમે પાછી મેળવશો ?

પાઠ ૧૭ મો.

આપણે કેવી જીંદગી ગુજારવી ?—સાદી.

૧. સાદાં કપડાં.

(ક) ફેશિકાઈ છોડી દેજો

(ખ) ઘણા લાંબા અને ઘણા વાળ રાખતા ના.

૨. સાદો ખોરાક.

(ક) ઉંચા ખોરાકથી ઘણા ફરદો થાય છે.

(ખ) આપણે ખાવામાટે જનમ્યા નથી.

૩ ખડતલ જીંદગી

ચાલતાં શરમાતા ના.

૪. પોતાનેહાથે કામ કરજો.

પોતાના પલંગ બીછાવજો. પોતાના બુટ સાફ કરજો.

પાઠ ૧૮ મો.

કામ કરવાના નિયમો.

૧ માણસ કામ કરવાજ જન્મેલુ છે.
કામ વગર કોઈને પણ ચાલે નહીં.

૨. કામ કરવુ તે ખુશીથી, અને ખરા દીલથી કરવું.

૩. કામ હમેશ ચાલુ કરવું—થોડી થોડી વાર છોડી દેવું નહીં.

૪. કામ નિયમસર કરવું.

૫. પ્રમાણિક કામનો બદલો પરવરદેગાર હમેશ આપશે.

૬. જે કામ કરવું તે પાકું કરવું.

પાઠ ૧૯ મો.

સંતોષવિષે.

૧. સંતોષી માણસ સુખી હોય છે.

૨. ખરો સંતોષ.

(ક) જો તમારીહાલત સુધારી શકાતી નહી હોય તો તે હાલતથી સંતોષી રહેજો.

(ખ) તમારીપાસે આટલું થોડું છે, એમ ધારી દુઃખી થતા ના. બીજાઓપાસે તમારાથી પણ ઓછું છે તે ધ્યાનમાં રાખજો.

૩. ખોટો સંતોષ.

(ક) જો બની શકે તો તમારી હાલત સુધારવાનો પ્રયત્ન કરતા રહેજો.

(ખ) પોતાની હાલત સુધારવામા મહેનત પડે તેથી દળીદ્રપણામાં દહાડા ગુજારશો નહી.

પાઠ ૨૦ મો.

હીંમત.

૧ અંધારામાં

૨. નાનાં જાનવરો જોઈને.

૩. દુઃખ અને અગવડ ખુશ મીજાજથી ખમવામાં.

૪. ગુનાહ કબુલ કરવામાં.

૫. સાચું બોલવામા.

પાઠ ૨૧ મો.

સખાવત.

૧. સખાવતની જરૂરીઆત.

૨. ખરી સખાવત.

૩. ખોટી સખાવત
૪. પારસીઓ સખાવતમાટે પ્રખ્યાત.
૫. આપણે એક ધર્માદા મંડળ સ્થાપીએ.

પાઠ ૨૨ મો.

ઉદ્યોગ.

૧. દરેક માણસે ઉદ્યોગી થવું જોઇએ.
૨. સઘળા મહાન પુરૂષો ઉદ્યોગી થઈ ગયા છે.
૩. હુશિઆર અને સુસ્ત માણસકરતાં ઉદ્યોગી માણસ વધારે ફતેહમંદ થાય છે.
૪. ચકલી અને કીડી ઉપરથી લેવાનો ધડો.

પાઠ ૨૩ મો.

પોતાપર કાબુ.

૧. ખાવાપીવામાં–સાદો ખોરાક લેજો.

૨. પહેરવા ઓઢવામા.

૩ ગુસ્સા ઉપર- મીજાજ ખોતા ના.

૪. બોલવામા- તોફાના થતા ના.

૫ વિચારમાં–પાપી વિચારો દાબી દેજો.

પાઠ ૨૪ મો.

વ્યાજબીપણું.

૧. મારૂં અને તારૂં.

૨. બીજા તરફ–જ્યાં જશ આપવા ઘટે ત્યાં આપજો.

૩. તમારા હાથમાં કાંઈ મેહેરબાની આપવાની હોય ત્યારે વ્યાજબીપણું જાળવજો.

પાઠ ૨૫ મો.

સ્વભોગ.

૧. અર્થ.

૨. પૈસાનો.

૩. મેહેનતનો.

૪. વખતનો.

પાઠ ૨૬ મો.

ફરજ પહેલે.

૧. મોજ–મજાહ અથવા તરદીનો વિચાર નહી.

૨. દુઃખ ખમીને પણ ફરજ બજાવજો.

૩. સિપાઈઓ ફરજનેમાટે જીવ આપે છે.

પાઠ ૨૭ મો.

દેશઉપર ચાહ.

૧. દેશનુ ભલું કરજો.

(ક) પૈસા ખરચીને.

(ખ) મેહેનત કરીને.

(ગ) ઉદ્યોગોને ઉત્તેજન આપીને.

૨. ખોટું દેશાભિમાન.

પરદેશીઓને તથા પરદેશી ચીજોને ધિક્કારતા ના.

--

પાઠ ૨૮ મો.

નિયમિતપણું.

૧. દરેક ચીજનેમાટે એક જગ્યા મુકરર કરવી. અને તે ચીજ તેની જગ્યાએ મૂકવી.

૨. વખતસર કામ કરવુ.

૩. તુરત કામ કરવાની ટેવ. "તરત દાન અને મહા પુન."

- - -

પાઠ ૨૯ મો.

ખંત.

૧. કઠણ અથવા અણગમતું કામ કરવામાં.

૨. રમતમા–હારતે દાવે હીમત હારવી નહી.

૩. અભ્યાસમાં

મારો પોતાનો દાખલો–એલ્જીબ્રા ભણવામાં હું ઘણો કાચો હતો.

- -

પાઠ ૩૦ મો.

કરકસર.

૧. અર્થ.

જરૂર જોગજ ખરચ કરવો.

૨. સાદું રહેવું.
૩. કરજ કરશો નહી
ગુંજાસ પ્રમાણે ખરચ કરજો.
૪. પાછલા દહાડા માટે એકઠુ કરજો.

પાઠ ૩૧ મો.

દારૂ પીતા ના.

૧. કાંઈ ફાયદો નથી
(ક) એથી ટાઢ ભાગતી નથી.
(ખ) એથી ભૂખ લાગતી નથી.
(ગ) એથી નિરાશીપણુ જતું રહેતું નથી.
૨. એનાં માઠાં પરિણામ.
(ક) કેદખાનુ.
(ખ) મોત.
(ગ) ગાંડાઈ.
(ઘ) ઘરમાં કજીઓ કંકાસ.

પાઠ ૩૨ મો.

જુગાર રમતા ના.

૧. જુગારથી મેળવેલો પૈસો હરામ ગણવો જોઈએ

૨. જુગારસાથે રમત રમવામા મજાહ છે. તેટલીજ બલ્કે વધારે જુગાર વગરની રમતોમાં છે.

૩. નાની રકમનો જુગાર રમતાં મોટી રકમના જુગાર ઉપર જવાય છે.

૪. જુગારઉપરથી બીજા દુર્ગુણોઉપર જવાય છે.

૫. સરતના મેદાનમાં કદીપણ જુગાર રમતા ના.

પાઠ ૩૩ મો.

કુંવારી જીંદગી ગુજારતા ના.

૧. જ્યારે પોતાના કુટુંબનું પુરૂં કરી શકે એવી હાલતમાં આવે ત્યારે દરેક માણસે પરણવું જોઈએ.

૨. પારસી કોમને ચાલુ રાખવાને માટે દરેક પારસીએ પરણવુ જોઈએ.

૩. આપણા ધરમમાં પરણેલા માણસને કુવારા કરતા સારો ગણેલો છે

૪. કુંવારી જીદગી ગુજારવી એ એકલપેટાઈની નિશાની છે

પાઠ ૩૪ મો.

પરણતીવખતે રીતનીભીખ માગતા ના.

૧. એ ઘણું નીચ કામ છે.

૨. રીત લેશો તો તમે વેચાયલા ગણાશો.

૩. પછી તમારી ધણીઆણીનાં તાણાં ટપલા ખાવા પડશે.

૪. અને તમારા જમાઈને પણ તમારે રીત આપવી પડશે.